Extra No. 311

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **FRIDAY, AUGUST 22, 2025 / SRAVANA 31, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓગસ્ટ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના બંદરો અને વાહનવ્યવહાર વિભાગના તારીખઃ ૫મી જુલાઈ, ૨૦૨૫ના જાહેરનામા ક્રમાંકઃ જી/પીટી/૨૦૨૫/૨૧/પીટીડી/એમઆરટી/ઈ-ફાઈલ/૨૨/૨૦૨૪/૦૬૧૧/ખ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

Amendment to the Motor Vehicles Act, 1988

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ સુધારવા સંબંધી

જાહેરનામું

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી જુલાઈ, ૨૦૨૫

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંકઃ જી/પીટી/૨૦૨૫/૨૧/પીટીડી/એમઆરટી/ઈ-ફાઈલ/૨૨/૨૦૨૪/૦૬૧૧/ખઃ- મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯-મા)ની કલમ ૪૭ની પેટા-કલમ (૭), કલમ ૪૭ની પેટા-કલમ (૪) અને કલમ ૫૦ની પેટા-કલમ (૫) હેઠળ કાઢવા ધારેલા નિયમોનો નીચેનો મુસદ્દો, આથી, સદરહુ અધિનિયમની કલમ ૨૧૨ની પેટા-કલમ (૧)થી ફરમાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓની જાણ સારું પ્રસિદ્ધ કરવામાં આવે છે અને આથી, નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી, સદરહુ નિયમોનો મુસદ્દો ગુજરાત સરકાર વિચારણામાં લેશે.

૨. ઉપર્યુક્ત મુદત પૂરી થયે અથવા તે પહેલાં, સદરહુ નિયમોના મુસદ્દાના સંબંધમાં, કોઈપણ વ્યક્તિ તરફથી ગુજરાત સરકારના અગ્ર સચિવ, બંદરો અને વાહનવ્યવહાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર-ને જે કોઈ વાંધો અથવા સૂચન મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંકઃ જી/પીટી/૨૦૨૫/૨૧/પીટીડી/એમઆરટી/ઈ-ફાઈલ/૨૨/૨૦૨૪/૦૬૧૧/ખઃ- મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯-મા)ની કલમ ૪૭ની પેટા-કલમ (૭), કલમ ૪૯ની પેટા-કલમ (૪) અને કલમ ૫૦ની પેટા-કલમ (૫)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છેઃ-

૧. (૧) આ નિયમો ગુજરાત મોટર વાહન (૩-જા સુધારા) નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની આખરી પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯માં, નિયમ ૪૪ક ને બદલે, નીચેનો નિયમ મૂકવોઃ-

"૪૪ક. અમુક ચૂક માટે કાર્યવાહી કરવાને બદલે (ચૂકવવાપાત્ર) રકમઃ કલમ ૪૭ની પેટા-કલમ (૧) હેઠળ અરજી કરવાની ચૂક માટે અથવા કલમ ૪૯ની પેટા-કલમ (૧) હેઠળ જાણ કરવાની ચૂક માટે અથવા કલમ ૫૦-ની પેટા-કલમ (૧)ના ખંડ (ક) અથવા ખંડ (ખ) અથવા યથાપ્રસંગ, પેટા-કલમ (૨) હેઠળ જાણ કરવાની અથવા અરજી કરવાની ચૂક માટે કાર્યવાહી કરવાને બદલે કોઈ વ્યક્તિ દ્વારા ચૂકવવાપાત્ર રકમ નીચે મુજબની રહેશેઃ-

અનુક્રમાંક	મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ની જોગવાઈઓ	રકમ
૧	કલમ ૪૭(૫) સાથે વાંચતા કલમ ૪૭ની પેટા-કલમ (૧)	રૂા. ૧૦૦/-
૨	કલમ ૪૯(૨) સાથે વાંચતા કલમ ૪૯ની પેટા-કલમ (૧)	રૂા. ૫૦૦/-
૩	કલમ ૫૦(૩) સાથે વાંચતા કલમ ૫૦-ની પેટા-કલમ (૧)ના ખંડ (ક) અથવા ખંડ (ખ) અથવા યથાપ્રસંગ, પેટા-કલમ (૨) હેઠળ	રૂા. ૧૦૦/-

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

હરેન્દ્રસિંહ પરમાર,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.09.02 19:23:52 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar